# સુરત મહાનગરપાલિકા

રીક્રુટમેન્ટ વિભાગ, પાંચમો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, મહાનગરપાલિકા કચેરી, તાપીપુરા, સુરત.

તા.૦૧/૧૦/૨૦૨૬

**<u>સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવતી જાહેરાત અન્વયે અરજી કરનાર ઉમેદવારોએ ધ્યાને લેવા જોગ સુચના</u>**

સુરત મહાનગરપાલિકા ખાતે ખાલી રહેલ વિવિધ સંવર્ગોની જાહેરાત સમયાંતરે પ્રસિધ્ધ કરવામાં આવે છે. જે જાહેરાત અન્વયે વિશાળ સંખ્યામાં ઉમેદવારો દ્વારા અરજી કરવામાં આવે છે. જાહેરાત અન્વયે યોજવામાં આવતી લેખિત પરીક્ષા દરમ્યાન OMR Sheet માં સીટ નંબર (રોલ નંબર), બુકલેટ સીરીઝ વિગેરે ઉમેદવારોએ દર્શાવવાનું હોય છે અને સર્કલ માર્ક કરવાનું હોય છે. પરંતુ, હાલ યોજાયેલ વિવિધ સંવર્ગોની લેખિત પરીક્ષા દરમ્યાન કેટલાક ઉમેદવારો દ્વારા સીટ નંબર(રોલ નંબર) યોગ્ય રીતે દર્શાવવામાં આવેલ ન હોવાનું ધ્યાને આવેલ છે. જેના કારણે પરીક્ષા લેનાર સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવતા પરિણામમાં વિસંગતતા થવા પામેલ છે. હાલ કેટલાક સંવર્ગોમાં ઉમેદવારો દ્વારા કરવામાં આવતી આવી ગંભીર ભૂલોને ગ્રાહય રાખી મેન્યુઅલી પણ રી–ચેક કરી પરિણામ તૈયાર કરવામાં આવેલ છે.

આથી, સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવતી જાહેરાતોમાં અરજી કરનાર ઉમેદવારોને ખાસ અવગત કરવામાં આવે છે કે, હવે પછીથી યોજવામાં આવનાર લેખિત પરીક્ષા દરમ્યાન જો કોઈ ઉમેદવાર પોતાનો સીટ નંબર(રોલ નંબર), બુકલેટ સીરીઝ દર્શાવવામાં અને સર્કલ માર્ક કરવામાં ભૂલ કરશે તો તેઓની OMR Sheet ને અમાન્ય ગણવામાં આવશે અને તેઓને "૦(ઝીરો)" માર્કસ મુકવામાં આવશે. જેના માટે રીક્રુટમેન્ટ વિભાગ, સુરત મહાનગરપાલિકા દ્વારા ઉમેદવારોની કોઈ પણ રજુઆતને ગ્રાહય રાખવામાં આવશે નહી.

સહી/–<br>
એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર(આર.)<br>
સુરત મહાનગરપાલિકા